## પ્રવચન નં. ૧૧, સમયસાર, ગાથા-૧૪, (સ્થળ : દાદર)

આ એક 'સમયસાર' સિદ્ધાંત-સિદ્ધ થયેલી વસ્તુને બતાવનાર છે. વસ્તુ સિદ્ધ છે જે રીતે એને બતાવનાર સર્વજ્ઞ ભગવાન, જેને એક સમયમાં ત્રણ કાળ, ત્રણ લોકનું જ્ઞાન હતું.

આત્મા તો ધ્રુવમાં છે. અબદ્ધસ્પૃષ્ટ અને ત્રિકાળ છે તેમાં છે. એની પર્યાયમાં નથી તો વળી ગૃહસ્થાશ્રમમાં ક્યાંથી આવ્યો આત્મા ? આહા..હા..! સમજાણું કાંઈ ? કહે છે કે એ ઉપર રહે છે. આ શુદ્ધ સ્વભાવ સર્વસ્વમાં પ્રકાશમાન છે. એવા શુદ્ધ સ્વભાવને મોહ રહિત થઈને જગત અનુભવ કરો. જગત એટલે જગતના પ્રાણીઓ. કાઠિયાવાડ અનુભવ કરો એટલે કાઠિયાવાડના જીવો. કાઠિયાવાડ શું છે ? એમ જગતના જીવો, આ ભગવાન પૂર્ણાનંદનો નાથ અંદર બિરાજે છે અને આ "તારો" જે રાગાદિ ભાવો (છે એ) અંદર પેસતા નથી. પેસતા નથી માટે એને બગાડ કરતા નથી. માટે એવી ચીજ નિત્યાનંદનો અનુભવ કરો કે જેથી તમારા જન્મ-મરણના અંત આવી જાય. અહીં તો એ વાત છે, બાપુ !

અહીંયાં કાંઈ પૈસા મળે, દાન મળે તો મોટો રાજા થાય, દેવ થાય. ધૂળ છે બધા. સળગતા દાવાનળના અવતાર છે. એ દેવના અવતાર પણ... આહા..હા..! લાકડાની જેમ અગ્નિ કે છાણાની અગ્નિ જેમ બાળે એમ ચંદનની અગ્નિ પણ બાળે. ચંદન-ચંદન. એ પણ અગ્નિ હોય તો એ બાળે. એમ દેવના સુખો પણ દુઃખરૂપી બાળી નાખે એવા છે. આત્માની શાંતિને ઝાળીને બાળે એવા છે. દેવના સુખ, હોં ! એ ચંદનની અગ્નિ (છે). એમાં પણ શાંતિ ક્યાંય છે નહિ. આહા..હા..!

શાંતિ તો પ્રભુ આત્મામાં (છે). સહજાનંદની મૂર્તિ પ્રભુ સ્વભાવિક આનંદ છે, સ્વભાવિક જેનું જ્ઞાન છે. એવા આત્માનો અનુભવ કરતાં બદ્ધસ્પૃષ્ટ ભાવો ઉપર તરતા રહે છે. માટે તેનો અનુભવ થઈ શકે છે. સમજાણું કાંઈ ? આહા..હા..! હવે એનું દૃષ્ટાંત આપે છે. દાખલો આપીને જરી વાત સ્પષ્ટ કરે છે.

**'જેમ કમલિનીનું પત્ર...'** કમલિની આ વેલડી થાય છે ને ? કમળની. એ વેલડીનું પત્ર

જળમાં ડૂબેલું હોય. કમલિનીનું પત્ર એવું હોય છે કે જેની રૂંવાટી કોરી હોય છે. રૂંવાટી જેની કોરી, લુખ્ખી હોય છે. પત્ર-પાંદડું. એને જ્યારે પાણીમાં આમ દેખો તો કહે છે કે **'જળથી સ્પર્શવારૂપ અવસ્થાથી અનુભવ કરતાં જળથી સ્પર્શવાપણું ભૂતાર્થ...'** દેખાય છે. એ પાંદડું રૂંવાટીવાળું લુખી માટીવાળું હોય છે. પણ પાણીની .. આમ દેખો તો અંશ પણ એને અડ્યો નથી.

એમ ભગવાન આત્મા રાગ અને કર્મના સંબંધથી વ્યવહારની વર્તમાનનયથી જોવે તો છે. પણ એના દ્રવ્યસ્વભાવથી જુઓ... આહા..હા..! છે ? **'આત્મસ્વભાવની સમીપ જઈને અનુભવ કરતાં...'** આહા..હા..! એનો સ્વભાવ તો જ્ઞાન અને આનંદ છે. આહા..હા..! એ જ્ઞાન અને આનંદના સ્વભાવની સમીપ જઈને જોતાં એ રાગ અને કર્મનો સંબંધ તે જૂઠો છે. તે સ્વભાવને પરનો સંબંધ છે જ નહિ. દ્રવ્ય જે છે વસ્તુ એ તો મુક્તસ્વરૂપ છે. આહા..હા..! સમજાણું કાંઈ ?

જેનો જ્ઞાનરસ છે, જેનો અતીન્દ્રિય શાંતરસ છે, ધ્રુવ છે, અવિનાશી છે, અચળ છે એવા રસના સ્વભાવથી જુઓ તો રાગ ને કર્મનો સંબંધ તે જૂઠો છે. આહા..હા..! આ બાપુ ! વાતું નથી. એની દૃષ્ટિ ફરતાં, પર્યાય ઉપરની દૃષ્ટિ ફરતાં એની દૃષ્ટિમાં દ્રવ્ય સ્વભાવ આવે છે. એ જોતાં એ વસ્તુને રાગનો સંબંધ આદિ બધો જૂઠો છે. સમજાણું કાંઈ ? આ બાયડી-છોકરાને ધૂળ ધમાહાના સંબંધ તો ક્યાંય છે જ નહિ. એ તો એણે ભૂતાર્થમાં નથી નાખ્યા. પર્યાયનયે ભૂતાર્થમાં એને નથી નાખ્યા. એ છે જ ક્યાં સંબંધ ? પર્યાયમાં ક્યાં આવ્યા ? આ તો પર્યાયમાં છે એની વાત છે.

મુમુક્ષુ :– એ બહાર છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– એ તો બહાર છે. બંગલાને.. 'સ્વરૂપચંદભાઈ'! આ છોકરાને બંગલાને ક્યાં હશે ? આત્માની જે અવસ્થા છે, વસ્તુમાં તો નથી પણ એની અવસ્થા જે છે એમાં પણ એ ચીજ નથી.

અહીંયાં તો અવસ્થામાં રાગ, કર્મનો સંબંધ એટલો આમ વ્યવહાર સંબંધ છે. એ સંબંધ પણ વ્યવહારનયથી જોતાં સત્ય છે, છે. નથી એમ નહિ. પણ જ્યારે ભગવાન આત્માના સ્વભાવની સમીપ જઈએ... આહા..હા..! એ કમળનો કોરો સ્વભાવ, કમળના પાનનો કોરો સ્વભાવ એને જોતાં એ પાણીને કમળ અડ્યું જ નથી. આહા..હા..! ભારે વાત, ભાઈ ! આ ધમાધમ વળી આ 'મુંબઈ' પાછું. મોહમયી નગરી. પણ તોય લોકો સાંભળવાના.. ૫૦-૬૦. જુવાનિયા ૫૦-૬૦ ટકા સાંભળવા.

અરે...! ભગવાન ! બાપા ! તારા ઘરની વાતું નાથ. અરે..! આવી વાત ક્યાં મળે ? પ્રભુ ! એ..! તું કોણ છો ? કેવડો છો ? ક્યાં છો ? કેમ છો ? એ કેમ પમાય છે એની વાત અહીં ચાલે છે. બીજા તો તું પામ્યો. અનંત વાર ચોરાશીના અવતારમાં રખડ્યો.

આહા..હા..! ભાઈ આવ્યા છે ? તમારા ભાઈ નથી આવ્યા ? એ જ કહું છું. ત્યાં પૂછ્યું તો કહે, નથી આવતો. આજે આવ્યા લાગે છે. કહો, સમજાણું કાંઈ ? આહા..હા..!

આજ તો રવિવાર છે ને ? રવિ એટલે સૂર્ય. ભગવાન ચૈતન્યના અનંત... એક જ્ઞાનનો ગુણ એને સૂર્યની ઊપમા કહીએ તો એવા અનંતા ગુણવાળો પ્રભુ તે અનંત સૂર્યનો પિંડ પ્રભુ છે. 'ચીમનભાઈ' ! બે-પાંચ-દસ સૂર્ય નહિ. જેનું એક જ્ઞાનકિરણ એક સમયનું સૂર્ય સમાન ત્રણ કાળ, ત્રણ લોકને પ્રકાશે એવો એનો એક ગુણ તો અનંતા લોકાલોકને પ્રકાશે એથી અનંતગુણ હોય તો પણ. એવા એવા અનંતા ગુણોનો. અરે..! ચૈતન્યસાગર અંદર પડ્યો છે. ચૈતન્યસૂર્ય સ્વભાવ, એને જોતાં, એનો અનુભવ કરતા વ્યવહાર જૂઠો છે. વ્યવહારમાં રહેતો નથી. આહા..હા..! એના જન્મ-મરણ ટળી જાય છે. એને જન્મ અને મરણ રહેતા નથી. એ અણવતારી થઈ જાય છે. રખડનારો અવતારી છે એ કલંક છે. આહા..હા..! આ પાંચમી આંગળી હોય છે ને ? એ કાપી નાખવા જેવી હોય છે. નહિતર લટક્યા કરે, નડ્યા કરે. એમ રાગાદિના ભવનું કારણ એને કાપી નાખવા જેવું છે. સમજાણું કાંઈ ? આહા..હા..!

કહે છે કે, ચૈતન્યના સ્વભાવની સમીપ જઈને. સમીપ શબ્દે કે આત્મા જે સ્વ-ભાવ, સ્વ-ભાવ, પોતાનો ભાવ, ધ્રુવ ભાવ, સામાન્ય ભાવ. એના સમીપમાં અનંત કાળમાં એક સમય પણ ગયો ન હતો. અને છાલની પાછળ ધોળો ગોળો. નાળિયેરનો ધોળો ગોળો મીઠો. ધોળો અને મીઠો. એને શ્રીફળ કહીએ. એ છાલાને નહિ, કાચલીને નહિ, લાલ છાલને નહિ. ટોપરાપાક કરે ત્યારે કાઢી નાખે છે ને ?

એમ આમાં આ શરીર ઉપરના છાલા છે. એ આઠ કર્મના રજકણ એ કાચલી છે અને પુણ્યને પાપના ભાવ એ કાચલી કોરની લાલ છાલ મેલ છે. પરની કોરના એ મેલ છે. એ લાલ છાલની પાછળ જે ધોળો ગોળો છે. એમ પુણ્ય અને પાપના વિકલ્પની પાછળ અંદર શુદ્ધ, ધોળો એટલે શુદ્ધ મીઠો એટલે આનંદ, શુદ્ધ આનંદનો કંદ છે તેને અહીંયાં આત્મા કહેવામાં આવે છે. આહા..હા..! ત્યાં નજર નાખવી. છાલા ઉપરથી ખસેડી, કાચલીથી ખસેડી, લાલ છાલ એટલે પુણ્ય-પાપના ભાવથી ખસેડી એને ઓળંગી જઈને, અસ્તિપણે પર્યાયમાં છે તેને ઓળંગી જઈને, જેમાં નથી તેમાં નજરું કરવી.. આહા..હા..! એનો સ્વભાવ અનુભવ કરતાં એ બદ્ધસ્પૃષ્ટ આદિ (ભાવ) જૂઠાં છે. આહા..હા..! સમજાય છે કાંઈ ? આ તો સાદી ભાષા છે, પ્રભુ ! અમારા 'ચીમનભાઈ' તો કહે, .. સાદી બીજી ન હોય એમ કહે છે. આહા..હા..!

બાપુ ! તને દરકાર નથી. આત્મા શું કેમ છે અને કેમ સમજવો એની દરકાર નથી. આહા..હા..! દરકાર હોય હજી સમજવાની, હોં ! પામવાની પછી. એ સમજવાની દરકાર એના લક્ષણ જુદી જાતના હોય છે. એને 'લાગી લગન હમારી, જિનરાજ સુજસ સુણ્યો મેં..' એની લગની ચૈતન્ય કોણ છે ? શું છે ? એની જિજ્ઞાસાના એને અંદરમાં ધોધ વહેતા

હોય. આહા..હા..! આખી દુનિયામાં રહેતો દેખાય છતાં એ એમાં રહેતો ન હોય. અંદર... અંદર... અંદર... અંદર... આહા..હા..! સમજાણું કાંઈ ? આહા..હા..!

કહે છે. આ ભગવાન આત્મા એનો જેમ.. આત્મા એમ કહી દીધું. આત્મસ્વભાવની સમીપ એમ લીધું છે. ત્રણ લોકનો નાથ આત્મા, જેની ધ્રુવતાના ધ્યાનમાં અનુભવ થાય ત્યારે એ અસત્યાર્થ વસ્તુ રહેતી નથી. આહા..હા..! એક જ પ્રકાશ હોય છે...એમ કહ્યું હતું ને પહેલા? ચૈતન્ય એકલો પ્રકાશમાન, ચૈતન્ય એકલો પ્રકાશમાન. આહા..હા..! હું એક ચૈતન્ય જ્યોતસ્વરૂપ, એક હું જ્યોતસ્વરૂપ એ અનુભવ કરનાર અને અનુભવ કરનારો એવા પણ જ્યાં ભેદ નથી. એવી ચીજ તે હું છું. (ત્યાં) અસત્યાર્થ ઊડી જાય છે. એ રાગાદિ ભાવ મારી દૃષ્ટિમાં અને અનુભવ થતાં તે મારી પર્યાયમાં પણ એ ભેદ રહેતા નથી. આહા..હા..! જુઓ ! આનું નામ ધર્મ. આ દુનિયા બહાર જે દયા પાળુ, આ કરું, પરોપકાર કરો, પાંચ-પચ્ચીસ હજાર દાનમાં દ્યો અને ધર્મ થાય. ધૂળેય ધર્મ નથી, સાંભળને. તારા કરોડો અને અબજો આપે તોપણ ધર્મ નથી. એ તો જડ છે. જડનો સ્વામી થઈને દે એ તો મિથ્યાત્વ ભ્રમ છે. સમજાણું કાંઈ ? અહીં તો જુદી વાત છે, ભાઈ ! દુનિયાથી નિરાળી છે.

કહે છે, એ અબદ્ધસ્પૃષ્ટભાવ, બદ્ધસ્પૃષ્ટભાવ કાયમ નહિ રહેનારા હોવાથી અબદ્ધસ્પૃષ્ટ કાયમ રહેનારા હોવાથી કાયમનો અનુભવ થઈ શકે છે. સમજાણું કાંઈ ? આકરું પડે પણ ભાવ તો આ છે. ભાષા તો જેમ છે એમ એની સાદી આવે છે. પણ એની દરકાર કરવી જોઈએને, બાપુ ! આહા..હા..! અરે..રે..! મૃત્યુ થશે. ક્યાં જાશે ? વંટોળીયાના તરણા ઉડીને ક્યાં પડશે ? વંટોળીયા. વંટોળીયું ઊડે છે ને ? એમાં તરણા ઉડે એ જઈને ક્યાં પડશે ? એમ જેને આત્માનું ભાન નથી ને મિથ્યાત્વમાં પડ્યા છે, મિથ્યાત્વના વંટોળીએ જઈને ચોરાશીના અવતારમાં ક્યાં જશે ? ભાઈ ! એની કોઈ ત્યાં માસીબા નથી બેઠી કે અહીં આવ.

એવું ચૈતન્યસ્વરૂપ ભગવાન શરણભૂત છે અંદર, કે જ્યાં અંદર જતાં આનંદ આવે, જ્યાં અંદર જતાં અસત્ વસ્તુ ફૂ થઈને ઊડી જાય, કહે છે. આહા..હા..! રાગ અને દ્વેષ અને ભેદ જે આત્મા આનંદનો નાથ એને અનુભવતા, એવા ધ્રુવધામને અનુસારે દશા કરતા અભૂતાર્થના બદ્ધ આદિ ભાવો ત્યાં રહેતા નથી. કેમકે નિત્ય વસ્તુ ધ્રુવ, એમાં આ ભેદોનો અંતર પ્રવેશ (નથી). સમજાય છે કાંઈ ? આહા..હા..!

એ ચૈતન્યલક્ષણે રાગથી ભિન્ન છે. જે આત્મદ્રવ્યમાં અનંત જે જ્ઞાનાદિ ગુણો છે. જેમ આત્મા અવિનાશી ત્રિકાળ છે એમ એની શક્તિઓ, સ્વભાવ અવિનાશી અનંત છે. એમાં એ ચૈતન્યલક્ષણ વ્યાપ્યું છે. આહા..હા..! અને એ વ્યાપતા ગુણમાં ટકી રહ્યું છે. ઝીણી વાત છે, ભગવાન ! અને એ ચૈતન્યની વર્તમાન પર્યાય અવસ્થા વર્તમાનથી નિવૃત્ત થતાં નવી દશાને ગ્રહણ કરીને નિવૃત્ત થાય છે. એવો એ પર્યાય નામ એની અવસ્થાનો સ્વભાવ છે. એવા જે અનંત ગુણ અને અનંતી પર્યાય એનો સમુદાય તેને આત્મા કહેવામાં આવે

છે. એ આત્માની દૃષ્ટિ થાય, એને અનુભવ થાય, એને સમ્યગ્દૃષ્ટિ અને સત્યને પંથે પડ્યો એમ કહેવામાં આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ ? એ વાત તો થઈ ગઈ. હવે આ બંધના લક્ષણની આજ વાત છે. છે બીજો પેરેગ્રાફ ?

હવે બંધના સ્વલક્ષણ વિષે કહેવામાં આવે છે. ભગવાન ! તું આત્મા રાગથી રહિત અબંધસ્વરૂપ, એને અંદર ચૈતન્યના સ્વભાવથી જાણવો, અનુભવવો એ એની ચીજ છે. એમાં એને અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવે છે. એ અતીન્દ્રિય આનંદના સ્વાદમાં આ પૂર્ણ અતીન્દ્રિય આનંદની મૂર્તિ છે એમ પ્રતીતિ થાય છે. આહા..હા..!

અરે..! જગતમાં જેમ લક્ષ્મી ખૂટે, બાપ મરી જાય પછી પાછળના છોકરાઓમાં તકરારું થાય. લક્ષ્મી જાય, બાપ મરે. એમ ત્રણ લોકના નાથના વિરહ પડ્યા ભરતમાં અને જ્ઞાનની દશા પણ ઘટી, કેવળજ્ઞાન ન મળે. એમાં આ બધી તકરારું ઉઠી વાડાની. કોઈ કહે કે વ્યવહારથી નિશ્ચય થાય, કોઈ કહે નિમિત્તથી ઉપાદાનમાં થાય, કોઈ કહે ક્રમબદ્ધ નહિ, આડીઅવળી દશા થાય. આ બધું... આહા..હા..!

મુમુક્ષુ :– બાપા ગયા...

પૂજ્ય ગુરુદેવશ્રી :– બાપા ! ત્રણ લોકના નાથના વિરહ પડ્યા. ... આ માટે હતો. એ મુનિ આઠ દિન ત્યાં રહ્યા. બાપુ ! આ વસ્તુ સત્ય (છે), ત્રણ કાળમાં સત્ય છે, હોં ! ત્યાં આગળ આઠ દિન રહ્યા. ત્યાંના માણસોએ 'કુંદકુંદાચાર્ય'ના દર્શન કર્યા. આહા..હા..! ત્યાંથી આવીને અહીંયાં શાસ્ત્ર રચ્યા. આ ભગવાનના સંદેશની આ વાણી છે, પ્રભુ ! એ વાણી કાને પડવી પણ પૂર્વના પુણ્યના યોગ વિના મળે નહિ. બાકી તો બધું ઘણું કર્યું. રાગને દ્વેષને દયાને દાનને વ્રતને ભક્તિ અને પૂજા. આહા..હા..! એના ફળ તરીકે તો સંસાર ફળ્યો. શુભભાવ છે એ પણ સંસારને આપે છે. આહા..હા..! ભાઈ આવ્યા લાગે છેં. સમજો આ બધું સમજવા જેવું છે. આ ધૂળમાં પૈસા-બૈસામાં કાંઈ નથી. કહો, સમજાણું કાંઈ ? આહા..હા..! કહે છે, એ પ્રભુએ અહીંયાં આવીને શાસ્ત્ર રચ્યા એ માયલું આ શાસ્ત્ર છે.

ભગવાન ! એકવાર સાંભળને પ્રભુ ! આહા..હા..! 'બંધનું સ્વલક્ષણ,...' ચૈતન્યની વાતો થઈ ગઈ. એ બંધનું સ્વ એનું લક્ષણ તો આત્મદ્રવ્યથી જુદું રાગાદિ છે. ભગવાન આત્મા સચ્ચિદાનંદ પ્રભુ. એવું જે જીવનું સ્વરૂપ, એવો જે જીવદ્રવ્યનો સ્વભાવ, જિનસ્વરૂપે વીતરાગસ્વરૂપે (છે) એવું જીવદ્રવ્ય તે દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, કામ, ક્રોધના વિકલ્પો જે છે એ આત્મા સાથે અસાધારણ છે. એટલે આત્મામાં છે નહિ. આહા..હા..! અસાધારણ એવા રાગાદિ છે. આહા..હા..!

જે ભાવે સર્વાર્થસિદ્ધનો ભવ મળે, જે ભાવે ચક્રવર્તીનું પદ મળે, ભગવાન ત્રણ લોકના નાથ સર્વજ્ઞદેવની ભક્તિ કાળે જે ભક્તિમાં તન્મય થઈને કરે એ પણ એક રાગ છે. એ રાગ એ બંધનું સ્વરૂપ છે. આહા..હા..! એ રાગથી આત્માને કલ્યાણ થાય એમ ત્રણ કાળમાં

છે નહિ. આહા..હા..! 'ચીમનભાઈ'! આવી વાત છે, ભગવાન ! આહા..હા..! પ્રભુ પરમાત્મા એનો અત્યારે વિરહ, કેવળજ્ઞાન અને મનઃપર્યયજ્ઞાનની હયાતી નહિ અને વિરોધના, પ્રતીતના, શ્રદ્ધાના ભાવો ઘણા વિરૂદ્ધ થઈ ગયા. આવી શ્રદ્ધાને સાંભળતા માણસને એમ થાય અર..ર...! આવી રાગની ભક્તિની ક્રિયાથી પણ ધર્મ નહિ ?

મુમુક્ષુ :- ...

પૂજ્ય ગુરુદેવશ્રી :- હવે તો જુઓને જુવાનિયા સાંભળે છે ને. ૫૦-૬૦ ટકા તો જુવાનિયા બેઠા છે. આહા..હા..! ભાઈ ! આત્માની વાત છે, પ્રભુ ! યુવાન અને વૃદ્ધ તો જડની દશા છે, નાથ ! તું અંદર બિરાજમાન રાગથી ભિન્ન પ્રભુ તારી સમૃદ્ધિ અંદર છે. એ પુણ્ય અને પાપના વિકલ્પથી ભિન્ન તારી આનંદની સમૃદ્ધિ અંદર છે. એની નજરું તેં કોઈ દિ કરી નથી અને નજર કરવી કેમ એની પદ્ધતિ પણ તેં જાણી નથી. સમજાણું કાંઈ ?

અહીં કહે છે, પ્રભુ ! એકવાર સાંભળને, નાથ ! અહીં તો ભગવાન તરીકે આત્માને બોલાવે છે, હોં ! આહા..હા..! એની મા એના હાલરડા ગાતા, ગાણા ગાઈને છોકરાને સુવાડે છે. ગાણા ગાતા સુવાડે છે. ગાણા ગાય તો જ સુવે. ગાળો દેશે તો નહિ સુવે. જોવું હોય તો જોઈ લ્યો એકવાર. બે-ચાર ગાળો દઈને (કહે), 'મારા રોયા સુઈ જા.' નહિ સુવે ઇ. કેમકે અવ્યક્તપણે પણ તેને હાલરડાના ઝોલામાં એના વખાણ વહાલા લાગે છે. એની મા એને સુવાડવા એના ગાણા ગાય. (અહીંયા) ત્રણ લોકના નાથ અને સંતો એને જગાડવા એના ગાણા ગાય છે. જાગ રે જાગ નાથ ચૈતન્ય હવે સૂવું ન પાલવે. રાગમાં એકતાબુદ્ધિ તને હવે ન હોઈ શકે, ભાઈ ! આહા..હા..! એ બંધનું સ્વરૂપ છે. આહા..હા..! 'માણેકચંદભાઈ'! આહા..હા..! અરે..રે..! આવા પંચમકાળમાં અવતાર. સાક્ષાત્ પરમાત્મા બિરાજે એના વિરહ પડ્યા. એમાં આ વિરૂદ્ધ શ્રદ્ધાઓના ભેદ પડી ગયા. એક આ માને, એક આ માને અને એક આમ માને. આહા..હા..! એ વાત સર્વજ્ઞની પરંપરામાં, દિગંબર સંતોના હૃદયમાં હતી તે વાત બહાર નીકળી ગઈ. સમજાણું કાંઈ ?

કહે છે કે, બંધનું સ્વરૂપ... સ્વલક્ષણ એમ કીધું છે ને ? બંધનું સ્વ (એટલે) એના પોતાનું લક્ષણ. આતમદ્રવ્ય એટલે ભગવાન આત્મા એ તો અબંધસ્વરૂપ છે, પ્રભુ ! એના અસાધારણ, એનાથી તદ્દન જુદા એવા રાગાદિ છે. આહા..હા..! 'ષોડશકારણ ભાવના ભાય તીર્થંકરપદ પાય' આવે છે ને કાંઈક એવું ? પૂજામાં આવે છે. પણ હે ભગવાન ! હે પ્રભુ ! તું સાંભળ, ભાઈ ! અહીં પરમાત્માના પોકાર છે જગતને. સંતો દિગંબર મહા મુનિઓ ભગવાનના સ્વરૂપે બિરાજે છે. પંચ પરમેષ્ઠીમાં બિરાજે છે. એ કહે છે કે આત્મદ્રવ્યથી મેળ વિનાના, નહિ સ્પર્શેલા એવા રાગ અને દ્વેષ એ બંધનું લક્ષણ છે. આહા..હા..! સમજાણું કાંઈ ?

આ શાસ્ત્ર બનાવવાનો વિકલ્પ, શાસ્ત્ર સાંભળવાનો વિકલ્પ, શાસ્ત્ર કહેવાનો વિકલ્પ...

ભગવાન ! આ તો વીતરાગના ઘર છે, ભાઈ ! એ રાગનું લક્ષણ છે, એ બંધનું લક્ષણ છે. ભગવાન આત્મામાં એ વિકલ્પ અને રાગનો તો અભાવ છે. એથી કહ્યું કે આત્મદ્રવ્યથી અસાધારણ એટલે એમાં નહિ રહેલા એવા જુદા પુણ્ય અને પાપના ભાવ એ બંધનું લક્ષણ છે. આહા..હા..! જેને દુનિયા ધર્મ અને ધર્મનું સાધન માને છે.

... હોય ત્યાં તો એની ટેવ એવી હોય કે જાણે ચક્રવર્તીની રાણી થઈ તો પણ સવારમાં ઊઠીને ગોખલામાં રોટલો મૂકે, એ મા-બાપ ! રોટલો આપજો. આ દાતણ લઈ જાવ. એવી એની ટેવ. એમ આ ત્રણ લોકનો નાથ અનંત આનંદ... ચક્રવર્તીના રાજ્ય જ્યારે મળે ત્યારે બળખો છોડે એમ છોડી દે એવી એનામાં તાકાત છે. બળખો જેમ છોડે એને ફરીને લેવાનો ભાવ નથી. એવો જે ભગવાન.... આહા..હા..! એક રાગ જરી થાય. બાયડીનો જરી, છોકરાનો આમ... નાનો છોકરાને આમ આમ બચ્ચી ભરીને શું કરવું છે ? શું છે ? ક્યાં જાવું છે તારે ? આહા..હા..! એવી અંદર લાગણીની વૃત્તિ બતાવે જાણે કે હું આખો એમાં પેસી ગયો હોઉં.

અહીંયાં કહે છે એકવાર ત્રિકાળ નાથને જોને. એમાં આ કોઈ ચીજ પેઠી નથી. એનો અનુભવ કરતાં એ બધું જૂઠું છે. એને સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન થાય છે.

L L L